
કમેલા રોડ, નવસારી


તવડી ગામ, નવસારી

# નવસારીમાં પૂરને પગલે હીરાના કારખાના, શાળા-કોલેજો બંધ રહી

નવસારી : નવસારીની પૂર્ણા નદીના નજીકના વિસ્તારોમાં પાણી ભરાવાનું શરુ થઇ ગયું હતું. જોકે શાંતાદેવી રોડ પર પાણી ભરાયા ન હતા. જેથી શાંતાદેવી રોડ પર ચાલતા હીરાના કારખાના ચાલુ રાખ્યા હતા. પરંતુ પૂર્ણા નદીના જળ સ્તર વધવા લાગતા પુરના પાણી આગળ વધતા હીરાના કારખાનામાં કામ કરતા રત્ન કલાકારોને રજા આપી દેવામાં આવી હતી. એ જ રીતે નવસારી જિલ્લામાં ધોધમાર વરસાદ પડતા જિલ્લા તંત્રએ શાળા-કોલેજોમાં રજા જાહેર કરી હતી.

# રેલવે સ્ટેશનના ઓવરબ્રિજને બંધ કરાયો

**પૂર્વ-પશ્ચિમ** વિસ્તારના સગવડ માટે કરોડો રૂપિયાના ખર્ચે બનાવેલો ઓવરબ્રિજ બંધ કરાતા લોકોમાં રોષ, રેલવે ફાટક પણ બંધ


શાંતાદેવી રોડ

નવસારી : નવસારી રેલવે સ્ટેશનના પૂર્વ-પશ્ચિમને જોડતા ઓવરબ્રિજના બંને છેડે પૂરના પાણી ભરાતા રેલ્વે ઓવરબ્રિજ પણ તંત્ર દ્વારા બંધ કરી દેવામાં આવ્યો હતો. જેથી કરોડો રૂપિયાના ખર્ચે રેલ્વે ઓવરબ્રિજ હોવા છતાં સ્ટેશનના પૂર્વ અને પશ્ચિમ વિસ્તારના લોકોને અગવડ પડતા સ્થાનિકોમાં રોષ જોવા મળ્યો હતો. ઉપરાંત નવસારી રેલવે ફાટક પણ બંધ કરી દીધો હોવાથી જલાલપોર તરફ જતા અને નવસારી તરફ આવતા લોકોએ વિજલપોર ફાટક પરથી પસાર થવું પડ્યું હતું.

નવસારી રેલવે સ્ટેશનના પૂર્વ અને પશ્ચિમ બંને તરફના લોકો નવસારી રેલવે ફાટક તેમજ રેલવે ગરનાળાનો ઉપયોગ કરતા હતા. પરંતુ ચોમાસા દરમિયાન રેલવે ગરનાળામાં વરસાદી પાણી તેમજ પૂરના પાણી ભરાઈ જતા હોવાથી પૂર્વ અને પશ્ચિમ તરફના લોકો નવસારી રેલવે ફાટક પરથી પસાર થતા હતા. પરંતુ રેલવે ફાટક પર કલાકો સુધી બંધ રહેતું હોવાથી વાહનોની લાંબી લાઈનો લાગતી હતી. જેના પગલે ટ્રાફિક જામની સમસ્યા સર્જાતી હતી. જોકે વર્ષો બાદ પાલિકાએ રેલવે ઓવરબ્રિજ બનાવવાનું કામ હાથ પર લીધું હતું. અને ઓવરબ્રિજ બનાવવાની કામગીરી હાથ ધરી હતી. લોકસભાની ચૂંટણી પહેલા જ તંત્રએ રેલવે ઓવરબ્રિજ વાહન ચાલકો માટે ખુલ્લો મુક્યો હતો. જેથી લોકોમાં ખુશી જોવા મળી હતી. આ ચોમાસા દરમિયાન અવર-જવર કરવામાં મુશ્કેલી ન વેઠવી પડે તેમ લાગી રહ્યું હતું. પરતું રેલ્વે ઓવરબ્રિજ બનાવ્યા બાદ પણ પૂર્વ અને પશ્ચિમ વિસ્તારના લોકો માટે અગવડતા ઉભી થઇ છે. આજે પૂર્ણા નદીમાં જળ સ્તર વધી જતા રેલવે સ્ટેશન પાસેના રેલવે ગરનાળા સુધી પૂરના પાણી આવી ગયા હતા. જેથી રેલવે સ્ટેશન પાસેનો વિસ્તાર બંદર રોડ અને શાંતાદેવી સહિતનો વિસ્તાર નદીમાં ફેરવાઇ ગયો હતો. રેલવે ઓવરબ્રિજ હોવાથી વાહન ચાલકો ઓવરબ્રિજ પરથી પસાર થઇ રહ્યા હતા. પરંતુ પુરના પાણી વધતા ઓવરબ્રિજની આગળ આવી ગયા હતા. જેથી રેલવે ઓવરબ્રિજના બંને છેડે પુરના પાણી આવી જતા ઘુટણસમા પાણી ભરાઈ ગયા હતા. જેથી નગરપાલિકાએ રેલવે ઓવરબ્રિજના બંને છેડે બંદોબસ્ત ગોઠવી રેલ્વે ઓવરબ્રિજ બંધ કરી દીધો હતો.

## નવસારી જિલ્લા પ્રભારીએ અધિકારીઓ સાથે સમિક્ષા કરી

નવસારી : નવસારી જિલ્લા પ્રભારી અને નાણા મંત્રી કનુભાઈ દેસાઈએ જિલ્લા તંત્રના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજી જિલ્લાની હાલની પરિસ્થિતીની સમિક્ષા કરી હતી. આ બેઠકમાં મંત્રી કનુભાઈ દેસાઈએ બચાવ કામગીરી, પૂર આધારિત સ્થાનોનું વિશ્લેષણ, ફુડ પેકેટ, આરોગ્યલક્ષી કામગીરી સહિત બચાવ કામગીરીમાં રોકાયેલા કર્મચારીઓ, પાણી ઉતર્યા બાદનું એક્શન પ્લાન સહિતની બાબતોનું ઝીણવટ પુર્વક સમિક્ષા કરી હતી. તેમજ બેઠકમાં કલેક્ટર ક્ષિપ્રા આગ્રે સહિત જિલ્લા વિકાસ અધિકારી પુષ્પલતાએ તંત્ર દ્વારા હાથ ધરેલી કામગીરી અંગે મંત્રીને અવગત કર્યા હતા.

## લોકો પૂરના પાણી જોવા રેલવે ઓવરબ્રિજ ઉપર અને રેલવે ટ્રેક પર પહોંચ્યા

નવસારી : નવસારી રેલવે સ્ટેશન પાસેના વિસ્તારોમાં પૂરના પાણી ભરાઈ ગયા હતા. જેથી પૂરના પાણીનો નજરો જોવા માટે નવસારીના લોકો નવસારી રેલ્વે ઓવરબ્રિજ ઉપર પહોચી ગયા હતા. તેમજ કેટલાક લોકો તો ચાલુ વાહન પર મોબાઈલમાં વિડીયો બનાવી રહ્યા હતા. જોકે રેલવે ઓવરબ્રિજ ઉપર પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. તે છતાં પણ લોકો નફ્ફટ થઇ રેલ્વે ઓવરબ્રિજ પર પૂરના પાણીનો નજારો જોવા પહોંચી રહ્યા હતા. પોલીસે ઘણી વખત લોકોને ઓવરબ્રિજ પરથી ખસેડી મુક્યા હતા. પરંતુ લોકટોળું વધુ ભેગું થઇ રહ્યું હોવાથી પોલીસ પણ કંટાળી ગઈ હતી. તો બીજી તરફ કેટલાક લોકો રેલવે ટ્રેક ઉપર જતા રહ્યા હતા. જ્યાંથી લોકોએ પૂરના પાણીનો નજારો માણ્યો હતો. સાથે જ મોબાઈલમાં સેલ્ફી લઇ રહ્યા હતા. ત્યારે રેલવે પોલીસની કામગીરીમાં આળસ જોવા મળી હતી.

## સગર્ભા બહેનોને સલામત સ્થળે ખસેડાઈ

નવસારી : નવસારી જિલ્લામાં પૂરની સ્થિતિ સર્જાતા સમગ્ર નવસારી જિલ્લા તંત્ર આજે એક સશક્ત ટીમ તરીકે ઉભરી આવ્યું છે. આજે દરેક વિભાગના અધિકારી કર્મચારીઓ એકમેકની કામગીરીમા મદદરૂપ બની જિલ્લાને મુશ્કેલ પરિસ્થિતીમાંથી ઉગારી રહ્યા છે. પાલિકા અને ફાયર ફાઇટરની ટીમ નાગરિકને સ્થળાંતર કરાવી રહી છે. તો બીજી તરફ ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી નાગરિકોને પાણીમાં જતા રોકવામાં આવી રહ્યા છે. આટીઓ વિભાગ ટ્રાફિકને કંટ્રોલ કરી રહ્યા છે. પંચાયત અને આરએનબી રોડ રસ્તાની મરામત કરી વાહનવ્યવહાર નિયમિત બનાવી રહ્યા છે. તેવી જ રીતે જિલ્લામાં આશ્રયસ્થાનો ઉપર 8 મેડિકલ ટીમ ગોઠવી સ્થળાંતરીત નાગરિકોના આરોગ્યની દરકાર નવસારી આરોગ્ય વિભાગ દ્વારા લેવામાં આવી રહી છે. આજરોજ નવસારી જિલ્લામાંથી કુલ 40 સગર્ભા બહેનોને નવસારી જિલ્લાની સિવિલ હોસ્પિટલ ખાતે સુરક્ષિત સ્થળાંતર કરવામાં આવ્યા હતા. આ કામગીરીમાં 30 જેટલા આરોગ્ય કર્મચારીઓ 15 જેટલા શેલ્ટર હોમ ખાતે સેવા આપી રહ્યા છે. આટલુ જ નહી આ મહિલાઓના ચેકઅપ સહિત તંત્ર દ્વારા આરોગ્યવર્ધક ભોજનની પણ વ્યવસ્થા નવસારી જિલ્લા તંત્ર દ્વારા કરવામાં આવી છે.




દેવધા ગામ : બીલીમોરા

કેરસી બારીયા

# ગામમાં પાણી ફરી વળવા સાથે દેવધા ડેમ પણ પાણીમાં ગરક

**ધમડાછા** હાઈસ્કૂલ પાસેના રસ્તા પર, તોરણગામ પંચાયત કચેરીના કમ્પાઉન્ડમાં પાણી ફરી વળ્યાં

**ગંધોરના** મુખ્ય માર્ગ સાથે સરિબુજરંગ કોસ્ટલ હાઈવે પર વૃક્ષ પડતા વાહન વ્યવહાર અટકી ગયો

બીલીમોરા : બીલીમોરા સાથે ગણદેવીમાં અઠવાડિયાથી મુશળધાર વરસાદ પડતા અંબિકા અને કાવેરી નદીના જળસ્તર વધવા સાથે દેવધા ગામમાં પાણી ફરી વળવા સાથે ડેમ પણ પાણીમાં ગરક થઈ ગયો હતો.

અઠવાડિયાથી ગણદેવી તાલુકા સાથે બીલીમોરામાં જોરદાર વરસાદ પડતા અંબિકા, કાવેરી, અને ખરેરા નદીમાં પાણીની આવક વધવા સાથે નદીઓની સપાટી વધતા નીચાણવાળા વિસ્તારોના રહીશોની હાલત દયનિય બની ગઈ હતી. નદી પાસેના રહીશો માટે રાત્રે પડેલો સાંબેલાધર વરસાદ આફત લઈને આવ્યો હતો. બીલીમોરા નજીકના દેવધા ગામે પાણી ભરાઈ ગયા હતા તે સાથે ધમડાછા હાઈસ્કૂલ પાસેના રસ્તા પર પાણી ફરી વળતા ઈન્દિરા નગર જતો રસ્તો બંધ થઇ ગયો હતો. ગણદેવી પાસેના તોરણગામ પંચાયત કચેરીના કમ્પાઉન્ડમાં પાણી ફરી વળ્યાં હતા. સાલેજથી કોલવા જતા રસ્તા પર પાણી હોવાથી આવન જવન બંધ થઇ ગઈ હતી, ગંધોરના મુખ્ય માર્ગ સાથે સરિબુજરંગ કોસ્ટલ હાઈવે પર વૃક્ષ પડતા વાહન વ્યવહાર અટકી ગયો હતો. બીલીમોરા પાસેના ઘોલ અને ભાઠામાં અંબિકા નદીના પાણી ફરી વળ્યાં હતા. ઉડાંચનો લો લેવલ પુલ ફરી પાછો પાણીમાં ડૂબી ગયો હતો. ગણદેવી કોઠી ફળીયાંમા પણ પાણીએ મોકાણ સર્જી હતી.

સાથે નેરોગેજ નીચેના પુલ પર પણ પાણી હોવાથી ગણદેવીથી બીલીમોરા જવા માટેનો જૂનો રસ્તો બંધ કરવો પડ્યો હતો. નેરોગેજ રેલ્વે ફાટકથી કસ્બાવાડી જતા રસ્તા પર પણ પાણી હોવાથી ખડી ખાડી થઇને કસ્બાવાડી જવાના માર્ગનો ઉપયોગ કરવો પડ્યો હતો.

## ચીખલી પંથકમાં છૂટોછવાયો વરસાદ

ઘેજ : ચીખલી પંથકમાં ગુરૂવારના રોજ દિવસભર વાદળો છવાયેલા રહેવા સાથે મેઘરાજાએ આરામ ફરમાવ્યો હતો. રાત્રીના 10 વાગ્યા બાદ વરસાદની તેજ પવન સાથે જોરદાર શરૂઆત થઈ હતી. અને વહેલી સવારે 2 વાગ્યા સુધીના 6 કલાકમાં 1.8 ઈંચ જેટલો વરસાદ વરસ્યો હતો. ગુરૂવારના સાંજે 4 વાગ્યાથી શુક્રવારના રોજ સવારે 6 વાગ્યા સુધીમાં તાલુકામાં 2.16 ઈંચ વરસાદ થતાં માર્ગ ઉપરથી પાણી વહેતા થઈ જવા પામ્યા હતા.

### ઉપરવાસમાં ભારે વરસાદને પગલે નવસારીમાં પૂરની વિકટ પરિસ્થિતિ છતાં

# નવસારી ફાયરના કોન્ટ્રાક્ટ કર્મચારીઓ હડતાળ પર!

**એનિમલ** સેવિંગ્સ ગૃપ, ગૌ-રક્ષકો અને સ્થાનિકોએ રેલવે ગરનાળા પાસેથી વહેણવાળા પાણીમાંથી આધેડ, યુવાન, 3 ગાય અને આખલાને રેસ્ક્યુ કર્યા

નવસારી : વિકટ પરિસ્થિતિમાં નવસારી-વિજલપોર નગરપાલિકાના ફાયર વિભાગના કોન્ટ્રાકટ કર્મચારીઓ બપોરે હડતાળ ઉપર ઉતરી ગયા હતા. તો બીજી તરફ નવસારી રેલવે ગરનાળા પાસે ભરાયેલા પૂરના પાણીમાં 3 ગાયો ફસાઈ હતી.

રેલવે ઓવરબ્રિજ પાસે બે આખલાની લડાઈ થઇ હતી. જેથી લોકોએ બંને આખલાને છુટા પાડતા એક આખલો ઓવરબ્રિજ ઉપર ચઢી ગયો હતો. જ્યારે બીજો આખલો ગરનાળામાં જતો રહેતા પૂરના પાણીમાં ફસાઈ ગયો હતો. દરમિયાન ત્રણ ગાયોને બચાવવા એનિમલ સેવિંગ્સની ટીમ અને ગૌરક્ષકોની ટીમ સ્થળ પર પહોંચી ગઈ હતી. ગરનાળાની અંદર ફસાયેલી 3 ગાયોને પણ દોરડા વડે રેસ્ક્યુ કરી બહાર કાઢી લીધા હતા. ત્યારબાદ સ્થાનિક યુવાનો એનિમલ સેવિંગ્સ અને ગૌરક્ષકોની મદદથી અંદર ફસાયેલા આખલાને બહાર કાઢવા જઈ રહ્યા હતા. ત્યારે એક ઘરમાં આધેડ અને યુવાન ફસાયેલા નજરે પડ્યા હતા.

જેથી રેલવે ઓવરબ્રિજ પરથી એનિમલ સેવિંગ્સની ટીમે દોરડું નાંખી તે દોરડું સ્થાનિક તરવૈયાઓએ પકડી દોરડા વડે આધેડ અને યુવાનને બહાર કાઢ્યા હતા. પરંતુ રેલવે ગરનાળામાં નદી હોય તેમ પાણીનો પ્રવાહ ચાલી રહ્યો હતો. જેથી અંદર ફસાયેલા આખલાને કાઢવા માટે સ્થાનિક તરવૈયાઓ સુવિધા વિના ત્યાં સુધી પહોંચી શકતા ન હતા.

યુવાનો આખલાને બહાર કાઢવા માટે એનિમલ સેવિંગ્સની ટીમ અને ગૌરક્ષકો સાથે યુક્તિ વિચારી રહ્યા હતા. અને યુવાનો ગરનાળા પાસે બાંધેલી દીવાલ ઉપર ચઢી ગયા હતા. ત્યારે આખલો જાતે જ બહાર નીકળવાનો પ્રયત્ન કરતા આખલો ગરનાળા સુધી આવી ગયો હતો. પરંતુ પાણીના પ્રવાહને કારણે આખલો પણ ખેંચાઈ રહ્યો હતો.

જોકે સ્થાનિક તરવૈયાઓએ એનિમલ સેવિંગ્સ અને ગૌરક્ષકો પાસે દોરડું માંગી તે દોરડું સાથે સ્ટેયિંગ અફલોટ બાંધી તે આખલાના સીંગડામાં ફસાવી રેલવે ઓવરબ્રિજ પરથી ગૌરક્ષકોએ આખલાને દોરડા વડે ખેંચી કાઢી બહાર કાઢી લાવ્યા હતા.

## જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, પારડી તાલુકાના મોજે તીઘરા ગામે ચાલતી નીચેના સર્વે નબરવાળી બિનખેતીની જમીન કાંતીભાઈ હરિભાઈની માલીક કબજા ભોગવાટા ચાલી આવેલ છે તેમજ રેકર્ડ દફતરે પણ કાંતીભાઈ હરિભાઈ નામે ચાલે છે.

:: જમીનનુ વર્ણન ::

| જુનો સર્વે નંબર | નવો સર્વે નંબર | ક્ષેત્રફળ | આકાર |
| --- | --- | --- | --- |
| ૪૫/૨ પૈકી ૧ | ૧૯૦ | ૦-૫૮-૯૨ | ૧.૪૫ |
| ૪૬/પૈકી ૧ | ૧૮૮ | ૦-૬૭-૦૧ | ૧.૨૫ |

કાંતીભાઈ હરિભાઈનાઓએ હમોને ઉપરોક્ત મિલકતના ટાઈટલ સંદર્ભે અભિપ્રાય લેવા માટે નિમણુક કરેલ છે અને તેઓના સુચના અને ફરમાસ અન્વયે સદરહું મિલકતનુ ટાઇટલની ચકાસણી તથા ખાત્રી માટે હાલની જાહેર નોટીસ આપવામાં આવેલ છે જેથી કોઈ પણ વ્યક્તિ, પેઢી, સંસ્થા, કંપની, પાર્ટનશીપ ફર્મ અથવા અન્ય ઈસમનો ઉપરોક્ત જણાવેલી જમીનમાં વેચાણ ગીરો બક્ષીસથી કે અન્ય કોઈ પણ પ્રકારથી હકકો સમાયેલા હોય તો હમોને હમારા નીચે જણાવેલ એડ્રેસ ઉપર આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન ૧૪ માં લેખીત વાંધાઓ પુરાવા સહીત મોકલવા અને તેમ કરવામાં કસુર કરશો તો તમારા કોઈપણ વાંધા ગ્રાહય રાખવામાં આવશે નહી અને સદરહું મિલકતનું ટાઈટલ ચોખ્ખુ અને માર્કેટેબલ ગણાશે જેની જાહેર જનતાએ નોંધ લેવી.

તા. ૨૬.૦૭.૨૦૨૪

સરનામું :- F/1,F/2,F/3, સંસ્કૃતિ એવન્યુ,
પહેલા માળે, યુનિટિ હોલની પાસે,
પ્રજાપતિ વાડીની સામે, ને.હા.નંબર-૮,
તા.પારડી,જી.વલસાડ
મો.નં.૯૮૨૫૧ ૨૫૫૧૩

લિ.
ડી.એન.શાહ
તે.
કાંતીભાઈ હરિભાઈના
એડવોકેટ

## આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ

IDFC FIRST Bank

(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિ. અને (આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી)
CIN : L65110TN2014PLC097792
રજીસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર્સ, આઠમો માળ, હેરીંગટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ–૬૦૦૦૩૧
ટેલી. : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦ । ફેક્ષ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

પરિશિષ્ટ–૪ [રૂલ ૮(૧)] **કબજા નોટીસ** (સ્થાયી મિલકત માટે)

નીચે સહી કરનાર **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિ. અને આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી)** અધિકૃત અધિકારીએ સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ અને તેમને આ ધારાની કલમ ૧૩ (૧૨) ની સાથે વાંચતા નિયમ ૩ હેઠળ સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ હેઠળ મળેલ સત્તાની રૂએ **તા.૨૩.૧૨.૨૦૨૩** ના રોજ ડીમાન્ડ નોટીસ બજાવીને **દેવાદાર, સહદેવાદારો અને જામીનદારો ૧. ફરીદા મોહમ્મદરફીક છાબડા, ૨. મોહમ્મદરફીક વલીમોહમદ છાબડા,** ૩. સરફરાઝ છાબડા, ૪. શુ પેલેસ ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૧૫,૬૬,૫૩૨.૩૬(અંકે રૂપિયા પંદર લાખ છાંસઠ હજાર પાંચસો બત્રીસ અને છત્રીસ પૈસા પુરા) તા.૨૨.૧૨.૨૦૨૩** ના રોજના આ ડીમાન્ડ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદારો આ રકમ પરત ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ ૨૦૦૨ ધારાની કલમ ૧૩ ની પેટા કલમ (૪) ના રૂલ ૮ હેઠળ તેમને બક્ષવામાં આવેલ અધિકાર અનુસાર **તારીખ ૨૦મી જુલાઈ ૨૦૨૪** ના રોજ આ સંપત્તિનો **સાંકેતિક કબજો** સંભાળી લીધેલ છે.

ખાસ કરીને દેવાદારો અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિ. અને આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી)** ની રકમ **રૂા.૧૫,૬૬,૫૩૨.૩૬(અંકે રૂપિયા પંદર લાખ છાંસઠ હજાર પાંચસો બત્રીસ અને છત્રીસ પૈસા પુરા)** અને તેના ઉપરના વ્યાજને આધીન રહેશે.

દેવાદારનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

**સ્થાયી મિલકતોનું વર્ણન**

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી રહેણાંકની મિલકત હેમે એન્યુ નામની બિલ્ડીંગ ના ૩જા માળનો ફલેટ નં.૩૦૨ જેનું માપ ૧૦૫૦ ચો.ફુટ યાને ૯૭.૫૪ ચો.મી. (સુપર બિલ્ટઅપ એરીયા) જેનુ બાંધકામ સીટી સર્વે નં.૧૧૦૯ વાળી જમીન વાપી, વાપી મ્યુનીસીપલની હદમાં, વાપી નગરપાલિકા, તા.વાપી, જી.: વલસાડ, ગુજરાત–૩૯૬૧૯૧ ખાતે આવેલ જમીન ઉપર થયેલ છે. જેની ચતુર્દિશા : પૂર્વ તરફ : નાઝબાઈ મેઈન રોડ, પશ્ચિમ તરફ : ફલેટ નં.૩૦૪, ઉત્તર તરફ : કચીગામ રોડ, દક્ષિણ તરફ : ફલેટ નં.૩૦૧ આવેલ છે.

**તારીખ : ૨૦મી જુલાઈ ૨૦૨૪**
**સ્થળ : વલસાડ**
**લોન ખાતા નં.: ૨૨૩૯૨૦૯૧**

સહિ/–
**અધિકૃત અધિકારી,**
**આઈડીએફસી ફર્સ્ટ બેંક લીમીટેડ**
**(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિ. અને**
**આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી)**